રાયસણ ગુડા આવાસમાં શોર્ટસર્કિટથી આગ

હીટરથી પાણી ગરમ કર્યા બાદ શોર્ટસર્કિટ થતા સ્માર્ટ ટીવીમાં ધડાકો થઈ આગ લાગી, ડ્રેસ મટીરીયલ્સનો સામાન બળીને ખાક,

ગાંધીનગર,તા.૫

રાયસણ સ્થિત પંડિત દિનદયાળનગર (ગુડા આવાસ)માં આજે સવારના સમયે બી-૦૦૩ મકાનમાં અચાનક આગ લાગી હતી. હીટરથી પાણી ગરમ કર્યા બાદ અચાનક શોર્ટ સર્કિટ થતા સ્માર્ટ ટીવીમાં ધડાકો થયો હતો. બનાવમાં ઘરમાં રહેલો ડ્રેસ મટીરીયલ્સ સહિતનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. બનાવની જાણ થતા ફાયર વિભાગની ટીમ પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવી બચાવ કામગીરી હાથ ધરી હતી.જો કે આગને પગલે આસપાસના રહીશોમાં પણ દોડાદોડી થઈ ગઈ હતી. મળતી વિગત મુજબ રાયસણ ગુડા આવાસમાં બ્લોક નં બી-૦૦૩ ખાતે રહેતા સંગીતાબેન જાદવના પરિવારમાં પતિ અને દિકરો પ્રિન્સ છે. સંગીતાબેન રસોઈ બનાવવાનુ કામ કરે છે. તે ઉપરાંત ડ્રેસ મટીરીયલ્સનો પણ વેપાર કરે છે.રોજીદા ક્રમ મુજબ સંગીતાબેન રસોઈ બનાવવા માટે ગયા હતા.જયારે તેમના પતિ અમદાવાદ જવા માટે નીકળયા હતા. તે સમયે ઘરમાં દિકરો પ્રિન્સ એકલો હતો. પ્રિન્સે હીટરથી ડોલમાં પાણી ગરમ કરવા માટે મુક્યું હતું. પાણી ગરમ કર્યા બાદ તે ન્હાવા માટે બાથરૂમમાં ગયો હતો. તે સમયે અચાનક જ ઘરમાં શોર્ટસર્કિટ થતા સ્માર્ટ ટીવીમાં બ્લાસ્ટ થયો હતો અને આગ લાગી હતી. જો કે ધડાકાના અવાજ થી પ્રિન્સ બહાર દોડી આવ્યો હતો. પરંતુ આગની જવાળાઓ માં ગણતરીની મીનીટોમાં ટીવી,ટીપોઈ, ડ્રેસ મટીરીયલ્સ સહિત કેટલીક ઘરવખરીની ચીજવસ્તુઓ બળીને સ્વાહા થઈ ગઈ હતી. જો કે આગની ઘટનાને પગલે આસપાસના રહીશોમાં પણ ભાગદોડ મચી ગઈ હતી. બનાવની જાણ થતા સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી સ્ટાફના કર્મચારીઓ સાથે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરુ કરી હતી. જો કે બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. પરંતુ ઘરમાં રહેલ કેટલીક ચીજવસ્તુ બળીને ખાક થઈ ગઈ હતી. ફાયર વિભાગની પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હોવાનું સામે આવ્યું છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ઈલેક્ટ્રીક પોલ પર જાહેરાતના પોસ્ટરો લગાવવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર તાલુકાના છાલા માતાપુરા ગામના યુવકનું અકસ્માતે મોત થતાં પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- કલોલમાં કેમિકલ ગેસ લીકેજ થવાના કારણે બે યુવતીઓને શ્વાસ લેવામાં તકલીફ પડતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.
- દહેગામના સંગીત રસિકો માટે કરાઓકે ક્લબની રચના કરવાનો નિર્ણય સંગીત રસિકોની બેઠકમાં લેવાયો છે.
- ગાંધીનગર એલ.સી.બી.એ વિદેશી દારૂની ૬૪૮ બોટલો સાથે બે બુટલેગરોને દબોચી લીધા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ આજે આરોગ્ય સમિતિના ચેરમેનની ઉપસ્થિતિમાં તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે.
- ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે નવો પાણીનો બોર બનાવવાની મંજૂરી મળતાં તેનો ખાતવિધિ સમારોહ યોજાઈ ગયો.
- સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં મશરૂમ કલ્ટીવેશન અંગેના વર્કશોપનું આયોજન કરાયુ હતુ.
- સે. ૩૦ની સરકારી પ્રા. શાળામાં વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરાઈ હતી.
- કલાગુર્જરી સંસ્થા દ્વારા વાસંતી સુર વૈભવ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.
- વિદ્યાભારતી ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા જિલ્લાકક્ષાનો કર્તવ્ય બોધ કાર્યક્રમ યોજાયો હતો.
- જાયન્ટસ્ ગ્રુપ મેઈન કલોલને શ્રેષ્ઠ જાયન્ટસ્ સર્વીસ વીકના એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.
- ટીંટોડાના બળિયાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરાઈ હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- જાણીતા પત્રકાર નચિકેતા દેસાઈનું દુઃખદ અવસાન થયુ છે. ઈન્ડિયન એક્સપ્રેસના બ્યુરો ચીફ તરીકે તેમણે ગાંધીનગરમાં પાંચ વર્ષથી વધુ સમય ફરજ બજાવી હતી.
- જિલ્લામાં પશુઓને દોહ્યાના સમયે વીજપુરવઠો આપવાની માંગ પશુપાલકો કરી રહ્યા છે.

બાલવા પાટીયા પાસે બુલેટના અકસ્માતમાં આશાસ્પદ યુવકનું મૃત્યુ

યુવક બાલવા ગામે ગરબા જોવા માટે આવ્યો હતો

ગાંધીનગર, તા.૫

બાલવા પાટીયા પાસે બુલેટ બેકાબુ બનીને રોડની સાઈડમાં અડારીયા સાથે ટકરાતા યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતા.

બાલવા ગામે પ્રતિષ્ઠા મહોત્સવમાં ગરબા જોઈને યુવક ઘર તરફ જઈ રહ્યો હતો, ત્યારે અકસ્માત સર્જાયો હતો.જેમાં માતાપુરા ગામના અને કેનેડાથી થોડા સમય પહેલા ફરવા આવેલા યુવકનું મૃત્યુ નિપજયું છે. આશાસ્પદ યુવકના અચાનક મૃત્યુથી સમગ્ર ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના છાલા પાસે માતાપુરા ગામના રવિ ચૌધરીનુ બાલવા પાટીયા પાસે અકસ્માતમાં મૃત્યું થયુ છે. યુવક ફોઈના ઘરે પ્રતિષ્ઠા મહોત્સવના ગરબા જોવા માટે ગયા હતા. તે સમયે રવિને ભુખ લાગતા તે રાત્રે બુલેટ લઈને નાસ્તો કરવા ચોકડી પર આવ્યો હતો. ત્યારબાદ બાલવા ગામ તરફ રવિ ચૌધરી બુલેટ લઈને જઈ રહ્યો હતો તે સમયે અચાનક બુલેટ પરનો કાબુ ગુમાવી દેતા બુલેટ સ્લીપ ખાઈ જઈને પશુ બાંધવાના અડારીયા સાથે ટકરાતા ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ આશાસ્પદ યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. જો કે રાતનો સમય હોવાથી બનાવની જાણ કોઈને થઈ ન હતી. પરંતુ વહેલી સવારે કોઈ વ્યકિત જોઈ જતા સમગ્ર બનાવ સામે આવ્યો હતો.

મહિલા તબીબને ત્રાસ આપતા પતિ સહિત ચાર સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૫

શહેરની હોસ્પિટલના મહિલા તબિબને શારીરીક માનસિક ત્રાસ આપતા તબિબે પતિ સહિત ચાર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રોદ્વારા મળતી વિગત મુજબ શહેરના મહિલા તબિબના લગ્ન વર્ષ ૨૦૧૭માં જુનાગઢ ખાતે રહેતા યુવક સાથે સમાજના રીત-રીવાજ મુજબ થયા હતા. લગ્નજીવન દરમિયાન મહિલા તબિબને સાડા ચાર વર્ષની દિકરી છે.લગ્ન કર્યા બાદ તેણીને આઠ માસ સુધી સારી રીતે રાખ્યા પછી નાની નાની વાતોમાં મ્હેણા-ટોણા મારીને શારીરીક માનસિક ત્રાસ આપતા હતા. જો કે સંસાર તુટે નહી એટલે મહિલા તબિબે ત્રાસ સહન કરતા હતા. જયારે વર્ષ ૨૦૨૧માં ભરૂચ ખાતે નોકરી કરતા હતા અને પતિ સુરત નોકરી કરતોહતો. તે સમયે કોરાના કાળ ચાલકોહોવા છતા પતિ નોકરી છોડી દેવા અથવા અપડાઉન કરવા માટે ત્રાસ આપતો હતો. તે સમયે સાસરી પક્ષના અન્ય સભ્યોએ પણ ત્રાસ આપવામાં કંઈ બાકી રાખ્યું ન હતું. પતિ શંકાશીલ સ્વભાવનો હોવાથી મહિલા તબિબ કંટાળીને પાંચ માસ અગાઉ સાસરીયાઓનો ત્યાગ કરી અલગ રહેવાની ફરજ પડી હતી. તેમ છતા પતિ ફોન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો. જેથી તબિબ મહિલા ગાંધીનગર પિયરમાં રહેવા માટે આવી ગઈ હતી. તેમ છતા પતિ ધાક-ધમકી આપતા મહિલા તબિબે પતિ સહિત ચાર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૨૮-૨૯ કટ પાસે કાર પલ્ટી જતા એકનું મૃત્યુ

પેથાપુરના પાંચ મિત્રો મોર્નીંગ વોક માટે નીકળ્યા હતા

ગાંધીનગર, તા.૫

પેથાપુરના પાંચ મિત્રો વહેલી સવારે મોર્નીંગ વોક માટે નીકળ્યા હતા. તે સમયે તેઓને સેકટર-૨૮-૨૯ પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં આઈ-૨૦ કાર ડીવાઈડર સાથે ટકરાઈ રેલીંગ તોડી પલ્ટી ખાઈ ગઈ હતી. જયારે કારમાં સવાર પાંચ મિત્રો પૈકી એક મિત્રનું માથાના ભાગે ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું.જયારે અન્ય ચારને શરીરે ઈજાઓ થતા સારવાર માટે તાત્કાલીક લઈ જવાયા હતા. જયારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બિલોદરા ગામના વતની કૃણાલસિંહ ઈન્દ્રસિંહ વાઘેલા પેથાપુર સ્વર્ગસ્વપ્ન ફલેટ ખાતે રહેતા તેના માસા કરણસિંહ વાઘેલા સાથે રહે છે. જયારે કૃણાલસિંહ સમર્પણ કોલેજમાં એફ.વાય.બી.એ.સેમીસ્ટર-૨ માં અભ્યાસ કરે છે. ગઈકાલે તા.૪ ફેબ્રુઆરીના રોજ રાત્રીના આશરે દશ વાગ્યાના સુમારે કૃણાલ તેમજ તેના માસીનો દિકરો સંગ્રામસિંહ અને અન્ય મિત્રો સૈયમ રાજેશભાઈ દેસાઈ,જીલ કનુભાઈ દેસાઈ, તીર્થરાજસિંહ સિસોદીયા એકઠા થયા હતા. વાતચીત કર્યા બાદ વહેલી સવારે દોડવા જવા માટે નક્કી કરી છુટા પડ્યા હતા. જયારે પેથાપુર સ્વર્ગસ્વપ્ન ફલેટ ખાતે પાંચ મિત્રો સવારે પોણા પાચ વાગે એકઠા થયા હતા. જયારે સંયમની આઈ-૨૦ કારમાં દોડવા જવા માટે ગોઠવાઈ ગયા હતા. તે સમયે કાર સૈયમ દેસાઈ ચલાવતો હતો અને તેની બાજુમાં સંગ્રામસિંહ બેઠા હતા.જયારે કૃણાલસિંહ, જીલ અને તિર્થરાજસિંહ પાછળ બેઠા હતા. કાર લઈને ફરતા ફરતા તમામ મિત્રો સમર્પણ કોલેજ તરફ ગયા હતા અને ત્યાંથી ઘ-૬ સર્કલ થઈ ઘ-૭ તરફ જઈ રહ્યા હતા. તે સમયે સવારના સવા પાંચ વાગ્યાના સુમારે સેકટર-૨૮-૨૯ બસ સ્ટેન્ડ નજીકના કટ પાસે રોડના ડીવાઈડરને ગાડી ટકરાઈ હતી.જેથી કાર પરનો કાબુ સૈયમ દેસાઈએ ગુમાવતા ડીવાઈડરની રેલીંગની જાળી તોડી સામેના માર્ગ પર કાર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં પાંચેય યુવકોને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. પરંતુ સંગ્રામસિંહને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે અન્ય ચાર સારવાર હેઠળ છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સંત શિરોમણી શ્રી રોહિદાસજીની ૬૪૬મી જન્મ જયંતિ નિમિત્તે સેક્ટર-૬ રોહિદાસ મંદિર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ અવસરે યોજાયેલ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો જોડાયા હતા.

જય યોગેશ્વર કોમ્પલેક્ષ , કુડાસણ પાટીયાનાં મિત્ર વર્તુળ દ્વારા ઉમદા માનવસેવા

ગાંધીનગર, તા. ૦૫

કુડાસણ પાટીયા ખાતે આવેલ જય યોગેશ્વર કોમ્પલેક્ષ નાં રહેવાસીઓ દ્વારા આજરોજ સોસાયટીના દિલીપભાઈ , હિતેષભાઈ તથા ભાગ્યશ્રીબેન નાં સાથ સહકારથી ગરમાગરમ ભોજન બનાવીને ગાંધીનગર શહેર માં વસવાટ કરતા ગરીબ તથા શ્રમજીવીઓ માટે નિશુલ્ક ભોજન જમાડવામાં આવેલ.

સે-૭-એ વસાહત મંડળ દ્વારા કેન્દ્રિય અંદાજપત્ર અંગે વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૫

સે. ૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધીના જણાવ્યા મુજબ તા. ૪-૨-૨૩ના રોજ યોગેશભાઈ રાવલ, જોઈન્ટ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ (ગાંધીનગર)ના અધ્યક્ષપદે કેન્દ્રિય બજેટની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જોય બક્ષી, જાણીતા ચાર્ટડ એકાઉન્ટન અને દેવાંગભાઈ શાહ, સ્ટોક બ્રોકરે કર માળખુ, સીનીયર સીટીઝન અને મહિલાને મળતા લાભો, બચતનું શ્રેષ્ઠ મૂડી રોકાણ વગેરે બાબતો અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જશવંત ગાંધી, પ્રો. અશોક પટેલ, ભદ્રેશ શાહ, શ્રીમતી જયશ્રીબેન રાવલ, વિશાલ ઠાકોર, હુસેન બીલખીયા, આર્યન ગોસ્વામી અને રૂદ્ર પટેલે જેહમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સીનીયર સીટીઝન મહિલાઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ જમ્પ રોપ નેશનલ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૦૫

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગ ૧૮ મી નેશનલ જમ્પ રોપ ચેમ્પિયનશિપ મહારાષ્ટ્ર શેરડી તારીખ ૨/૨/૨૦૨૩ થી ૬/૨/૨૦૨૩

શાળાની ૨૦ ખેલાડી બેનોએ જમ્પ રોપ નેશનલ સ્પર્ધામાં જુદી જુદી ઈવેન્ટ માં ભાગ લીધો હતો તેમાંથી છ ખેલાડી બહેનોને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયેલ છેતથા ભાગ લીધેલ છે તે તમામ ના નામની યાદી નીચે પ્રમાણે છે.

૧. ચૌધરી દીનાબેન હરજીભાઈ 11-A ગોલ્ડ મેડલ ૨. ચૌધરી ધ્રુવીબેન મહેશભાઈ 10-B ગોલ્ડ મેડલ ૩. ચૌધરી ધ્રુવી બેન જેસંગભાઈ 11-A ગોલ્ડ મેડલ ૪. ચૌધરી નિકિતાબેન હરચંદભાઈ 10-A ગોલ્ડ મેડલ ૫. ચૌધરી ગ્રેસીબેન વીજલાલ 11-A ગોલ્ડ મેડલ ૬. ચૌધરી આરવી અલ્કેશ કુમાર 10-B ગોલ્ડ મેડલ ૭. ચૌધરી જૈનીશા કિરીટભાઈ 11-A ૮. ચૌધરી હિના તેજાભાઈ 11-A ૯. ચૌધરી ધ્રુવી રમેશભાઈ 11-B ૧૦. ચૌધરી પ્રાપ્તિ વિષ્ણુભાઈ 10/B ૧૧. ચૌધરી રિપલ નરેશભાઈ 9/A ૧૨. ચૌધરી હિના દિનેશભાઈ 10/B ૧૩. ચૌધરી નેત્રા હરેશકુમાર 9/D ૧૪. ચૌધરી સ્નેહા માધુભાઈ 10/B ૧૫. ચૌધરી પ્રાચી દશરથભાઈ 10/B ૧૬. ચૌધરીદિયાબેન કાળુભાઈ ૯/છ ૧૭. ચૌધરીઅવની મુકેશભાઈ 9/A ૧૮. ચૌધરી શ્રેયા રાજેશકુમાર 9/D ૧૯. ચૌધરી જેન્સી અરવિંદભાઈ 9/D ૨૦. ચૌધરી પ્રિયા પ્રદીપ કુમાર 10/B વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પસંદગી પામેલ ખેલાડીઓ યુ.એસ.એ કોલા રાડો માં યોજાના જમ્પ રોપ સ્પર્ધામાં ભાગ લેશે અખિલ આંજણા કેળવણી મંડળ તેમજ શાળાના આચાર્ય બેન શ્રી પસંદગી પામેલ ખેલાડીઓ યુ.એસ.એ કોલા રાડો માં યોજાના જમ્પ રોપ સ્પર્ધામાં ભાગ લેશે

અખિલ આંજણા કેળવણી મંડળ તેમજ શાળાના આચાર્ય બેન શ્રી રમીલાબેન એસ ચૌધરી તમામ ખેલાડીઓ અને શિક્ષિકા બહેનો લીલાબેન આઈ ચૌધરી અને હેતલબેન દેસાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે તરફથી તમામ ખેલાડીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે

છાલા પાસેથી સ્ટેટ મોનીટરીંગ સેલે રૂ.૨.૫૧ લાખનો દારૂ ઝડપ્યો

ગાંધીનગર,તા.૫

ગાંધીનગરના છાલા પાસેથી બંધ બોડીના વાહનમાંથી સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓએ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે વાહનમાંથી ૧૨૮૧ વિવિધ વિદેશી દારૂની બોટલ કબ્જે કરી હતી. પોલીસે દારૂ, ગાડી, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૬.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ડ્રાઈવરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ એ.ડી.ચાવડા સહિતના સ્ટાફના જવાનો ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે છાલા પાસે એક બંધ બોડીની માલવાહક ગાડી આવવાની છે જેમાં દારૂ ભરેલો છે. જેથી પોલીસના જવાનો વોચમાં ગોઠવાઈ ગયા હતા. ત્યારબાદ બાતમીવાળી ગાડી આવતા તેને ઉભી રખાવી તપાસ કરતા ગાડીમાંથી રૂ.૨.૫૧ લાખની દારૂની ૧૪૮૧ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ મંગાવનાર અને મોકલનાર સામે પણ ગુનો નોંધી વોન્ટેડ જાહેર કર્યા છે.જયારે ડ્રાઈવર પ્રકાશ દલારામ મીણાને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે. જયારે સ્ટેટ મોનીટરીંગ સેલે દારૂ, મોબાઈલ, ગાડી રોકડ રૂપીયા મળી કુલ રૂ.૬.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પુન્દ્રાસણ ચોકડીથી બ્રેઝા કારમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના પુન્દ્રાસણ ગામની ચોકડી પરથી બાતમીને પગલે એલસીબી-૧ ટીમે બ્રેઝા ગાડીમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે દારૂ -બિયર કિં.૧.૧૪લાખ તેમજ ગાડી રૂ.૩ લાખ મળી કુલ રૂ.૪ લાખથી વધુના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એ.જી.એનુરકર પેટ્રોલીગમા હતા તે સમયે હે.કો.મુકેશસિંહ દલપતસિંહને બાતમી મળી હતી. જેને પગલે

એલસીબી પોલીસે પુન્દ્રાસણ ચોકડી પાસેથી બ્રેઝા ગાડી વિદેશી દારૂ બિયરના જથ્થા સાથે પકડી પાડી હતી. જયારે પોલીસે ગાડીમાંથી સવારામ લાદારામ ચૌધરી (રહે. જોલપુર તા.રેવદર જી.શિરોહી રાજસ્થાન) તેમજ પ્રદિપ ચંદુભાઈ રાવળ (રહે બુડાસણ તા.કડી.જી.મહેસાણા)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દારૂ બિયર મળી કુલ નંગ-૬૪૨ તેમજ મોબાઈલ ફોન,ગાડી મળી કુલ રૂ.૪.૧૯,૨૬૪ નો મુદ્દામાલ કબ્જે કરી બે આરોપીની ધરપકડ કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.